તાત્કાલિક

ન.સ્ટેમ્પ-કપદ-૩૭-૨૦૦૧- 2151

સુપ્રિ.ઓફ સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩-સી, ખ રોડ,
ગાંધીનગર.
તા.૨-૪-૦૭

વંચાણમાં લીધું:- (૧) તા. ૧૨/૮/૯૯ નો હુકમ નં. એસટીપી /ડીએસટી/ ૨૦૧/૯૫ /૩૦૧૨
(૨) તા. ૧૮/૧/૨૦૦૫ ના હુકમ નં. એસટીપી / કપદ/ ૨/ ૨૦૦૪ / ૧૧૫૭
(૩) અત્રેની કચેરીનો તા. ૩/૩/૨૦૦૭ નો હુકમ નં. એસટીપી / કપદ/ ૩૭/૦૧/૧૮૨
(૪) કચેરી નોંધ તા. ૭/૩/૦૭ તથા તા.૧૬/૩/૦૭

પરિપત્ર:-

અત્રેના સંદર્ભવાળા તા. ૧૨/૮/૧૯૯૯ તથા તા.૧૮/૧/૦૫ ના હુકમથી ફ્રેંકીગ મશીનથી સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરવાની કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. સદર તા. ૧૨/૮/૯૯ ના હુકમમાં સુધારો કરી ને એક કરતા વધુ પ્રકારના સ્ટેમ્પ્સ માટે એક જ ફ્રેન્કીગ મશીનનો ઉપયોગ કરી શકાશે તેવું ઠરાવવામાં આવેલ છે, સબબ આથી તમામ અધિકૃત બેંકોને જણાવવામાં આવે છે કે તેઓ એક જ ફ્રેંકીગ મશીનથી સ્પે.એધેસીવ ઉપરાંત  નોટરી , એગ્રીમેન્ટ, શેરટ્રાંસફર, ફોરેનબીલ, બ્રોકરનોટ,ઈન્સ્યુરન્સ સ્ટેમ્પનું વેચાણ કરવા માંગતા હોય તો આ અંગેની વિગતો તથા લાયસન્સની નકલ સાથે તુરત જ અત્રે જાણ કરવા વિનંતી છે. આ અંગે અત્રેથી મુળ લાયસન્સમાં સુધારો કરી અન્ય પ્રકારના સ્ટેમ્પ્સના વેચાણની પરવાનગી આપ્યા બાદ જ ફ્રેન્કીગ મશીનની ડાઈમાં સુધારો કરવાનો રહેશે. વિશેષમાં પક્ષકારને દસ્તાવેજ /ફોર્મ ઉપર જે પ્રકારનો સ્ટેમ્પ લગાવવાનો હોય તેની સ્પષ્ટતા મેળવી તે સ્ટેમ્પ્સ ઉપર √ નું નિશાન કરી બાકીના સ્ટેમ્પ્સના શબ્દો પર લીટી કરી રદ કરવાનું રહેશે.

આ બાબતે વિશેષ માર્ગદર્શન ની જરૂરી જણાય તો શ્રી કે.બી. ભાવસાર ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પનો સંપર્ક સાધવાનો રહેશે.

સહી/-
મુખ્ય નિયત્રક મહેસુલી પ્રાધિકારી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,

........................
........................
........................

નકલ સવિનય રવાના:- નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ હ,૧ શાખા , સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:- (૧) નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ્સ ડયુટી મુલ્યાંકન તંત્ર.............. જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારું. ઉકત વિગતે બહોળો પ્રચાર કરવા તથા નોટીસ બોર્ડ ઉપર મુકવા સારું.

(૨) નોધણી નિરીક્ષકશ્રી,/સબરજીસ્ટ્રારશ્રી
જી............... ઉક્ત વિગતે બહોળો પ્રચાર કરવા તથા નોટીસ બોર્ડ
ઉપર મુકવા સારું.

નકલ રવાનાઃ–

૧. અધિક કલેકટરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.(અપીલ)
૨. અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૩. નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૪.નાયબ નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૬. નાયબ મદદનીશ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય, ગાંધીનગર.
(કાયદા, અપીલ, મહેકમ)
૫.મુખ્ય સ્ટેમ્પ્સ નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(સ્ટેમ્પ્સ, મુલ્યાંકન)
૬. હિસાબી અધિકારીશ્રી, સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(સ્ટેમ્પ્સ, મુલ્યાંકન)
૭. આસી.સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય, અમદાવાદ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારું.
૮. સિલેકટ ફાઈલ.

રવાના કર્યુ:–

નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય, ગાંધીનગર.